જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૯/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૬ ક્વૉટર ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫૩૫૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણ :-** **સમાચાર યાદી નં.૨૩૪૦/૧૪**

**રાણીપ :** ઇશ્વરભાઇ લવજીભાઇ પરમાર (રહે.ગામ: સુંદરપુરા, તા.વીજાપુર, જી.મહેસાણા) એ તા.૧૪/૯/૧૪ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી અલ્કાબહેન (ઉ.વ.૨૭)એ પોતાના પતિ સુનીલકુમાર મહેન્દ્રભાઇ મહેરીયા અને સાસુ ચંદ્રીકાબહેન મહેન્દ્રભાઇ મહેરીયા (રહે.કિર્તન સોસાયટી, રાધાસ્વામી રોડ, રાણીપ) નાઓના માનશીક અને શારીરીક ત્રાસને કારણે તા.૧૩/૯/૧૪ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની સાસરીમાં ઘરે અલ્કાબહેને એસીડ પી લઇ આત્મહત્યા કરી હતી. સારવાર અર્થે તેમને સંજીવની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૪/૯/૧૪ સવારનાં ૫/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.સોલંકી ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૪૧/૧૪**

**જી.આઇ.ડી.સી.વટવા :** રોહીતભાઇ અંબાલાલ પટેલ (રહે.ત્રીકમપુરા ગામ, જી.આઇ.ડી.સી.વટવા) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૫/૧૪ રાતનાં ૧૦/૦૦ થી તા.૨૪/૫/૧૪ સવારનાં ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી અજાણી વ્યક્તિ તીજોરીમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**દાણીલીમડા :** અમનભાઇ નસીરૂદીન ઇસ્માઇલી (રહે.કિન્નરી એપાર્ટમેન્ટ, શાહઆલમ દાણીલીમડા ગામ) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૯/૧૪ બપોરનાં ૩/૧૫ થી ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લાકડાના કબાટનું લોક તોડી રોકડા ૧,૦૦,૦૦૦ તથા સોનાના દાગીના કિંમત રૂપિયા ૨,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩,૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એસ.શેખ ચલાવે છે.

**મણીનગર :-** ખંજનભાઇ હસમુખભાઇ શાહ(રહે.આકાર એપાર્ટમેન્ટ, જવાહરચોક, મણિનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૯/૧૪ રાતનાં ૧૦/૩૦ થી તા.૧૪/૯/૧૪ સવારનાં ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન જયહિન્દ ચાર રસ્તા પાસે આવેલ પોતાની રિયલ કોમ્પ્યુટર સિસ્ટમ નામની દુકાનનાં નકુચા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી જુદી જુદી કંપનીના લેપટોપ નંગ-૩ અને અન્ય ઇલેક્ટ્રોનિક્સ વસ્તુઓ મળી કુલ કિંમત રૂપિયા ૭૦,૬૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.પી.ગોસાઇ ચલાવે છે.

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૪૨/૧૪**

**ચાંદખેડા :** અમરજીતસિંગ બલવીન્દરસિંગ પુરબા (રહે, સ્વાગત મહેલ, ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) એ તા.૧૪/૯/૧૪ રાતનાં ૮/૦૦ વાગ્યાનાં સુમારે ફ્રેર ડી સ્ક્વેર મોલમાં આવેલ ડોમીનોઝ પીઝા ની સામે ગાર્ડન પાસે પોતાની ઇનોવા ગાડી પાર્ક કરી હતી. જેની ડાબી બાજુનો પાછળનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારની પાછળની સીટ ઉપર મુકેલ બેગ કે જેમાં લેપટોપ, સ્કેનર નંગ-૨, તેમજ દવાઓ મળી કુલ કિંમત રૂપિયા ૪૧,૦૦૦/- મતા ભરેલ બેગની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ અમરજીતસિંગ પુરબાએ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.